વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત

**THR પેકિંગ પર QR કોડ પ્રિન્ટીંગ માટેના ખર્ચ બાબત**

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2025/1323/B

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧)મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૦૯/૦૮/૨૦૧૭ના ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ

(૨) ભારત સરકારની તા.૧૩/૦૧/૨૦૨૧ ના પત્ર ક્રમાંક: CD-I-24/2/2011-US (e-90701)

(3) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૬/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: ICDS/THRQR/e-file/257/2024/0306/Nutrition

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) ના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો મારફત સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત ૬ માસથી ૩ વર્ષના બાળકો અને ૩ વર્ષથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો તેમજ સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને Take Home Ration (THR) પુરુ પાડવા માટેની કામગીરી સુપરત કરવામાં આવેલ . સંદર્ભ (૨) થી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ QR કોડ દ્વારા આંગણવાડી કેન્દ્રોને પૂરક પોષણના લાસ્ટ માઈલ સુધી ટ્રેકિંગ થાય તેમ સુનિશ્ચિત કરવા જણાવેલ છે. સંદર્ભ(3) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રો પર આપવામાં આવતા THR (બાલ શક્તિ, માતૃ શક્તિ અને પૂર્ણા શક્તિ)ના પેકિંગ પર QR કોડ પ્રિન્ટીંગ માટેના ખર્ચ અંગે રૂ.૬.૬ કરોડની જોગવાઈ કરવા અંગેની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રો પર આપવામાં આવતા THR (બાલ શક્તિ, માતૃ શક્તિ અને પૂર્ણા શક્તિ)ના પેકિંગ પર QR કોડ પ્રિન્ટીંગ માટેના ખર્ચ અંગે રૂ.૬.૬ કરોડની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) પ્રસ્તુત બાબતનો ખર્ચ તા. ૦૧-૦૪-૨૦૨૬થી કરવાનો રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી કમિશ્નરશ્રી,ICDSની કચેરીએ રાખવાની રહેશે.

(3) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૫) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮). આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૩) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી અન્યથા તે અંગેની જવાબદારી કમિશ્નરશ્રી( **ICDS**), મહિલા અને બાળ વિકાસની કચેરીની રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) **IT** સંબંધિત તમામ બાબતો અંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહી.

(૧૭) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૯) પ્રસ્તુત બાબતે **QR** કોડ પ્રિન્ટીંગ તથા પેકેજિંગ અંગેની તમામ વ્યવસ્થા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન **(GCMMF)**એ કરવાની રહેશે. તથા ઉક્ત તમામ કામગીરી અંગેનું નિરીક્ષણ તથા વખતો વખત સમીક્ષા કમિશ્નરશ્રી, આઇ.સી.ડી.એસ., મહિલા અને બાળ વિકાસની કચેરીએ કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જયશ્રી પી વસાવા

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વતંત્ર હવાલો)મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(3) સચિવશ્રી (આ.બા)ના રહસ્ય સચિવશ્રી,શ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૪) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૫) સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી(**ICDS**), મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) નાણા સલાહકારશ્રી (મ.બા.વિ) ,નાણા વિભાગ,બ્લોક નં.૯/૧, સચિવાલય, ગાંધીનગર

(૮) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૧૦) સેક્શન અધિકારીશ્રી, (બજેટ) શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૧૧) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૧૨) સિલેકટ ફાઇલ.

*Signature Not Verified*

*Signed by:J P Vasava*
*Deputy Secretary*
*Date:2026.05.05*
*17:55:42 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*